# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૩૦/૦૪/૨૦૨૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૫૬૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૫૫ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૦૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૫૭૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૧૧ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સી.આર.પી.સી.કલમ ૮૨,૮૩ મુજબ**
**આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ–** **સમાચાર યાદી નં.૫૭૧/૨૦૨૫**

નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૩૨/૨૦૦૩ ઈપીકો કલમ ૩૦૭, ૩૨૩, ૧૧૪ મુજબ તથા સેશન્સ કેસ નં.૪૦૯/૨૦૨૩ મુજબ ગુનાના કામે આરોપી જગદીશ ઉર્ફે જીગર સ/ઓ મનુભાઇ ગઢવી (ઉ.વ.૩૦) (રહે.મ.નં.૯, મ્યુનિસીપલ સ્ટાફ ક્વાટર્સ, રખિયાલ ચાર રસ્તા પાસે, અમદાવાદ) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી બી.કે.અવાશીયા સાહેબ, અધિક સત્ર ન્યાયધીશ, કોર્ટ નંબર–૨૨, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૩/૦૫/૨૦૨૫ ના રોજ તથા તે પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૫૭૨/૨૦૨૫**

**ઘાટલોડીયાઃ** હરીશભાઇ શંતિલાલ મકવાણા (ઉ.વ.૬૫)(રહે.શ્રધ્ધાદિપ કોમ્પલેક્ષ પલ્લવ ચાર રસ્તા પાસે ૧૩૨ ફુટ રીંગ રોડ નારણપુરા) એ તા.૨૯/૦૪/૨૦૨૫ ના રોજ ઘટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૪/૨૦૨૫ સવારના ૬/૦૦ થી તા.૨૮/૦૪/૨૦૨૫ રાતના ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો કાપી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીઓના તાળા તોડી, સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૭૯,૪૫૦/– મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આર.ચૌહાણ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૫૭૩/૨૦૨૫**

**સરખેજઃ** મેહુલ કાંતીલાલ જેઠવા (ઉ.વ.૩૪)(રહે.રેસક્રોસ ગાર્ડનીયા એપાર્ટમેન્ટ, નવા ૧૫૦ ફુટ રીંગ રોડ, અટલ સરોવર સામે રાજકોટ શહેર) એ તા.૨૯/૦૪/૨૦૨૫ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૪/૨૦૨૫ ના કલાક ૯/૪૫ થી ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન સરખેજ એસ.પી.રીંગ રોડ સનાથલ ટોલનાકા પાસે હિન્દુસ્તાન મોટર્સ બોડી ગેરેજ સામે રોડ ઉપર પાર્ક કરેલ પોતાની કીયા કારનો ખાલી સાઇડના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિએ કારની સીટ ઉપર પડેલ બેગ કે જેમા રોકડ રૂપિયા ૮૫,૦૦૦/-, મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૫૦૦૦/- તથા અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૯૦,૦૦૦/- ની મતા મુકેલ હતી તે બેગની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ડી.વાળા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૭૪/૨૦૨૫**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** વિશાલ મોહનભાઈ સુર્યવંશી (ઉ.વ.૩૨)રહે.પ્રયાગ એપાર્ટ્મેન્ટ બલોલનગર સોસાયટી સામે ત્રિવેણી સ્કુલ સામે વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૪/૨૦૨૫ બપોરના ૧/૨૦ વાગ્યા પહેલા સાબરમતી રિવરફ્રન્ટ પશ્ચિમ તરફના છેડે અટલ બ્રીજ પાસે ઘાટ નંબર-૯ વોકવે નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે  રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ મનહરસિંહ ચલાવે છે.

**અમરાઈવાડીઃ** ઉમંગભાઇ નરેન્દ્રભાઇ પરમાર (ઉ.વ.૨૧)(રહે.છોટાલાલની ચાલી સત્તાધાર રોડ અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૪/૨૦૨૫ સવારના ૬/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લેતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૯/૦૪/૨૦૨૫ સવારના ૯/૦૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઈ જીવણભાઈ ચલાવે છે.

**રામોલઃ** સંજયકુમાર મનસુખભાઇ જાખણીયા (ઉ.વ.૨૭)(રહે.પ્રકાશ ટેનામેન્ટ રીટાનગરની બાજુમાં વસ્ત્રાલ મુળ વતન: કલાક શેરી, લખતર તા.લખતર જી.સુરેન્દ્રનગર) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૪/૨૦૨૫ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે રામોલ ટોલ ટેક્ષ પાસે પરીશીખર એસ્ટેટ વિભાગ-૨ શેડ નં.૫૦ ખાતે આવેલ “બહુચર એન્જીનીયરીંગ” નામના કારખાનામાં ક્રેનના હુકમાં લીફ્ટીંગ બેલ્ટ લગાવી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી લક્ષ્મણભાઇ બાબુભાઇ ચલાવે છે.

**ઈસનપુરઃ** અવનીબેન યોગેશકુમાર પરમાર (ઉ.વ.૨૧)(રહે.નિર્માણ એપાર્ટમેંટ લક્ષ્મી કોલોની અવકાર હોલ પાસે ઘોડાસર મુળ વતન: વી.પી.રોડ બાંટવા, માણાવદર, જી.જુનાગઢ)એ અગમ્ય કારણસર તા.૨૮/૦૪/૨૦૨૫ રાતના ૯/૦૦ થી તા.૨૯/૦૪/૨૦૨૫ ના કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.એ.બરંડા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી